ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*રણમાં રોશની શહેરમાં, છવાયું ધૂમ્મસ!*
*પાણી વિના જિંદગી પર, છવાયું ધૂમ્મસ!*
*વાદળીયા 'વિકાસ' પર, છવાયું ધૂમ્મસ!*
*સૂઝે ન રાહ પ્રગતિનો, છવાયું ધૂમ્મસ!*

### હાઈકુ

*નોટો બદલો!*
*ને લોકો લાઈનમાં -*
*બજાર તૂટ્યું ?!*
*(નવી નોટે દિવાળી!!)*

*માત્ર સુગંધ ?!*
*જેટલી નો વધાર*
*દે દામોદર...*
*(દાળમાં પાણી!)*

### ચિંતન

**મન્ત્રિ પુરોહિત સખઃ સામાન્યેષ્વધિકરણેષુ ।**
**સ્થાપપિત્વાઈ માત્યાનુપધામિઃ શોધયેત્ ॥**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.**

**યોગ્ય વ્યક્તિઓને અમાત્યપદે નિયુક્ત કર્યા પછી અને એમને એમની કામગીરી સોંપાઈ ગયા પછી રાજાએ મંત્રી અને પુરોહિતને વિશ્વાસમાં લઈને એમની મદદથી અમાત્યોના આચરમની કસોટી કરી લેવી જોઈએ.**

**અમાત્ય રાજયસંચાલનનો એક મહત્ત્વનો અધિકારી છે. તેના માથે ચોક્કસ પ્રકારની જવાબદારીઓ હોય છે, તેના કોઈ પણ કાર્યની સીધી અસર રાજય પર પડતી હોય છે. આથી જ આચાર્યની સલાહ છે કે રાજાએ પહેલાં જુદા જુદા વિભાગોમાં અમાત્યોની નિયુક્તિ કર્યા પછી પોતાના મંત્રી અને પુરોહિતને વિશ્વાસમાં લઈને એમના આચરણની પરીક્ષા કરવી જોઈએ. જેથી કરીને એમની યોગ્યતા અને પ્રમાણિકતા વિશે પ્રમાણભૂત માહિતી મળી રહે.**

### સુવિચાર

- જેમણે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે, તેના પર કામ અને લોભનું ઝેર નથી ચડતું - **ઓશો**
- જે વિચાર કાર્યરૂપમાં પરિણમે નહિ તે 'ગર્ભપાત' સમાન લેખાય છે - **જવાહરલાલ નહેરુ**
- યુદ્ધ આપણી પાસેથી ઈન્સાનિયત છીનવી લે છે - **ડો. રાધાકૃષ્ણન્**
- બધા જ જીવો પોતાની ઉત્પત્તિ માટે સૂર્યના ઋણી છે - **સ્વામી રામતીર્થ**
- ભધવાને મૃત્યુને દુઃખપૂર્ણ બનાવ્યું છે સાચું,
  પરંતુ મૃત્યુને ભયાનક બનાવનાર તો મનુષ્ય જ છે - **કાકાસાહેબ કાલેલકર**
- ઘણીવાર માણસની સાચી જિંદગી એ હોય છે કે જે તે જીવ્યો જ નથી - **ઓસ્કાર વાઈલ્ડ**
- આજનું ઔષધ : વેવડીના પાન ઉકાળી તે પાણીથી સ્નાન કરવાથી ખરજવા જેવા રોગોમાં લાંબે ગાળે રાહત થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

એક સુખી ઘરની સ્ત્રીને જીવનમાં સતત ખાલીપો લાગતો એટલે તે મનોવિજ્ઞાનીનું માર્ગદર્શન મેળવવા ગઈ.

મનોવિજ્ઞાનીએ એમની વાત સાંભળીને પોતાને ત્યાં સાફસફાઈનું કામ કરતી કામવાળી બાઈને બોલાવી. અને કહ્યું, 'બેન તમને તમારા જીવનમાં ખુશી કેવી રીતે મળી તે આ મેડમને સંભળાવો.'

કામવાળીએ કહ્યું, 'એક વર્ષ પહેલા મારા પતિનું બિમારીને કારણે મૃત્યુ થયું. એના ત્રણ મહીના પછી મારા એકના એક દીકરાને કારવાળાએ બેફામ ગાડી ચલાવી અડફેટે લીધો અને એ પણ મૃત્યુ પામ્યો. હું સાવ નિરાધાર થઈ ગઈ, ન ખાવાનું ભાવે, ન ઊંઘ આવે. આત્મહત્યા કરવાના વિચારો આવે.'

'ત્રણ મહિના પહેલા મારે આંગમે એક પગે લંગડાતું ગલુડિયું આવ્યું, મને તેની પર દયા આવી. મેં તેને પાટો બાંધી આપ્યો. ઠંડી ખૂબ હોવાથી એને હૂંફાળું દૂધ પાયું. બે ત્રણ દિવસ એની સારવાર કરી તો એ ગલુડિયું સ્વસ્થ થઈ ગયું. હું આવું એટલે મારી રાહ જોતું બેસી રહે, મારા પગમાં આળોટે, પુંછડી પટપટાવે. મને પણ એ વ્હાલું લાગવા લાગ્યું. મહિનાઓ પછી મારા ચહેરા પર સ્મિત આવ્યું.'

'વિચાર કર્યો કે ગલૂડિયાને કરેલી મદદ સ્મિત લાવી શકતી હોય તો લોકો માટે કંઈક કરવાની જરૂર ખુશી મળશે. બસ ત્યારથી હું ભૂખ્યા, બિમાર કે નિરાધાર લોકો માટે મારાથી બનતું કરું છું, અને એમના ચહેરા પર રાહત કે સ્મિત જોઈ મને બેદ ખુશી મળે છે.' પેલી સુખી ઘરની સ્ત્રીને પાઠ મળી ગયો.

# વિદ્યાનગરીના શિલ્પી અને લોકનેતાની વિદાય

ઉત્તર ગુજરાતના પ્રખર લોકનેતા તરીકે ત્રિભોવનદાસ પટેલનું નામ વર્ષો પરછી આજે પણ મહેસાણા પંથકની જનતાને જીભવગું રહ્યું છે. એમના સમકાલીન અગ્રણીઓમાં માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલ અને સાંકળચંદ પટેલ ઉપરાંત પુરુષોત્તમદાસ પટેલ પણ ખૂબ લોકપ્રિય રહ્યા. ત્રિભોવનદાસ પટેલ સીમચોરી કરનારી અને ધાડ પાડનારી ટોળકીનો ભોગ બન્યા હતા અને એમની એ શહીદી પણ મહેસાણા જિલ્લાના ખેડૂત પ્રજાને પોતાની અંતર્નિહિત તાકાતનો અહેસાસ કરાવનારી નીવડી હતી. એમના પરિવાર પ્રત્યે પ્રજાને એટલો ઊંડો આદરભાવ હતો કે એક જ પરિવારથી ત્રણ ત્રણ ભાઈ વારાફરતી ગુજરાત વિધાનસભામાં ચૂંટાતા રહ્યાં. મણિભાઈ પટેલ કોંગ્રેસના નિશાન પર જીત્યા હતા તો અરવિંદભાઈ અને હાલમાં જ દિવંગત થયેલા અનિલભાઈ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે કયારેય ચાણસ્માથી અને પાટણથી તો કયારેક મહેસાણાની બેઠક પરથી ચૂંટણી લડતા રહ્યા અને વિધાનસભામાં નોંધપાત્ર પ્રદાન પણ કરતા રહ્યા. અનિલભાઈ પટેલ મૂળે ઈજનેર. અગિયાર વર્ષની કુમળી વયે પિતાની છત્રછાયા ગુમાવનાર આ મેધાવી કિશોરે પ્રાથમિક શિક્ષણ લડવા ગામની જ શાળામાં લીધું હતું. માધ્યમિક શિક્ષણ કડી સર્વ વિદ્યાલયમાં લઈ તેઓએ વિદ્યાનગરની વિશ્વવિખ્યાત ઈજનેરી કોલેજમાં સ્નાતકની ઉપાધિ મેળવી હતી. વધુ અભ્યાસાર્થે અમેરિકા જઈ તજજ્ઞ ઈજનેર બની વતનને સેવાઓ આપવા પરત ફરેલા અનિલભાઈએ મહેસાણા જેવા તે સમયે ગ્રામીણ અને પછાત ગણાતા વિસ્તારમાં જ અપોલો ઈન્ડસ્ટ્રીઝનો શુભારંભ કરી પોતાના વતનમાં ઔદ્યોગિક ક્રાંતિનો સૂત્રપાત કર્યો હતો. નીવડેલા ઉદ્યોગપતિ અનિલભાઈએ પ્રતાપી પિતાના પગલે જાહેરજીવન પણ ખેડ્યું. તેઓ સળંગ બે ટર્મ લગી મહેસાણાની બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને સફળ ઉદ્યોગમંત્રી તરીકે પણ સેવાઓ આપી હતી. આમ છતાં અનિલભાઈનો મૂળભૂત રસ તો કેળવણીમાં હતો. એમણે પાલાવાસણા ખાતે ઊભા થયેલ વિદ્યાસંકુલના વિશ્વકર્મા તરીકેનો રોલ ભજવીને જ ઈતિશ્રી નહોતી માની. તેઓએ મિત્ર ગણપત પટેલને માતબર ડોનેશન આપવા પ્રેરી ખેરવા ખાતે આખી ઈજનેરી યુનિવર્સિટી સ્થાપવામાં ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. સમાજના આગ્રહને વશ થઈ તેઓએ ઊંઝા ખાતે ઉમિયા માતા સંસ્થાના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી હતી. આવા ઉમદા સમાજસેવક અને તજજ્ઞ કેળવણીકાર અનિલભાઈ પટેલની વિદાયથી ગુજરાતને અને સવિશેષ મહેસાણા જિલ્લાને બહુ જ મોટી ખોટ પડી છે. રાજકારણમાં ગયા પછી સમાજકારણ અને વિદ્યાવિસ્તારની પ્રવૃત્તિમાં પાછા ફરનારા મહાનુભાવો કેટલાં ? અનિલભાઈએ એ સંદર્ભે દીવાદાંડી જેવું કામ કર્યું છે. એમના દિવંગત પિતાશ્રીનાં સપનાં સાકાર કરવા ઉપરાંત એમણે કરેલી અનેકવિધ પ્રવૃત્તિઓને કારણે બીજા નેતાઓ ભુલાઈ જશે ત્યારે પણ અનિલભાઈ પટેલ આવનારી પેઢીઓને યાદ રહેશે. દિવંગત આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એ જ અભ્યર્થના.

*તંત્રીસ્થાનેથી...*

# સાહિત્ય અકાદમીના મહામાત્ર તરીકે ડૉ. અજયસિંહ ચૌહાણ




● પોરબંદર સાંદિપની સભાગૃહમાં, આઝાદી પહેલાંના રાષ્ટ્રચેતનાના કવિ ભુદરજી લાલજી જોષીની હસ્તપ્રતોમાં સાંઈરામ દવે દ્વારા તૈયાર કરવામાં આવેલ પુસ્તક 'ભુદર ભણંત'નું વિમોચન પૂ. રમેશભાઈ ઓઝાના હસ્તે યોજાઈ ગયું. આ પ્રસંગે પદ્મશ્રી ભીખુદાન ગઢવીએ ભુદરજીની સુંદર રચના સંભળાવી હતી, જયારે પુસ્તક બનાવનાર સાંઈરામ દવે, રામભાઈ બારોટ, ડૉ. અવની વ્યાસ તથા તેજસ પટેલે કવિતાઓ રજૂ કરી હતી. ભજનિક વિમલ મહેતા, વિષ્ણુપ્રસાદ દવે તથા જયમંત દવેએ ભૂદરજીના છંદો અને ભજનો રજૂ કર્યા હતા. બાળ નચિકેતા ધર્મરાજ, વિશ્વજીત અને કિશરીએ ભૂદરજીની ગાંધી કવિતા રજૂ કરી હતી. રમેશભાઈ ઓઝાએ ભૂદરજીના પરિવારજનોનું સન્માન કર્યું હતું.

● ગુજરાત સરકાર દ્વારા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના મહામાત્ર તરીકે, ગુજરાત શિક્ષણ સેવામાં ભાઈકાકા વિનયન અને વાણિજય કૉલેજ, સોજીત્રા ખાતે આચાર્ય તરીકે સેવા બજાવતાં ડૉ. અજયસિંહ ચૌહાણની નિમણૂંક કરવામાં આવી છે. તેઓ સરદાર પટેલ યુનિ.માં. આર્ટ્સ ફેકલ્ટીના સેનેટ સભ્ય તરીકે ગુજરાતી સાહિત્ય પરિષદના મધ્યસ્થ તથા કારોબારી સભ્ય તરીકે પણ કાર્ય કરી ચૂક્યા છે. તેમનાં પાંચ પુસ્તકો અને ૫૦થી વધુ લેખો પ્રગટ થયા છે; તેમાં 'આધુનિકોત્તર કવિતા' પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરીષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમીનાં શ્રેષ્ઠ પુસ્તકનાં પારિતોષિકો એનાયત થયેલ છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ.



● ગાંધીનગર સાહિત્યસભાનાં ટ્રસ્ટી, આત્મન ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી અને ગુજરાતી સાહિત્ય પરિષદનાં પૂર્વકોષાધ્યથી અને સાહિત્યકાર પ્રજ્ઞા પટેલના પ્રથમ કાવ્યસંગ્રહ 'આકાશ ખોલી આપું' અને પ્રથમ વાર્તાસંગ્રહ 'પોતપોતાનાં આકાશ'નો વિમોચન સમારોહ તા. ૪-૨-૨૦૧૮ના રોજ 'પુસ્તક પોંખણાં' પર્વ અંતર્ગત યોજાઈ ગયો, જેમાં પ્રસિદ્ધ સાહિત્યકાર, વિવેચક, પ્રફુલ્લ રાવલ દ્વારા પરિચય કરાવવામાં આવ્યો હતો. વાર્તાકાર કિરીટ દૂધાત, જાણીતા કવિ, સંપાદક ચરિત્રકાર હર્ષદ ત્રિવેદીએ વકતવ્યો આપ્યા હતા. મૂર્ધન્ય કવિ હરિકૃષ્ણ પાઠકે અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના ગૌરવસમાં સુ.શ્રી પ્રજ્ઞાબેન પટેલને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભકામનાઓ.

- muljibhaidadhi@gmail.com

# વ્યક્તિના ઉત્તમ અંશો બહાર કાઢે તે જ ખરી કેળવણી




તમારા ઉત્તમ અંશો બહાર કાઢે તે કેળવણી જ ખરી કેળવણી કહેવાય. માનવજાત કરતાં બીજું વધારે સારું પુસ્તક કયું હોઈ શકે? એવો સવાલ મહાત્મા ગાંધી કરે છે. આજના સમયમાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સારા પરિણામ, ઊંટી ટકાવારીની ઘેલછા સમાજમાં જોવા મળી રહી છે ત્યારે ગાંધીજીની વાતને ધ્યાનમાં લેવા જેવી છે.

કેળવણી વિશે ગાંધીજીના વિચારો બહુ સ્પષ્ટ હતા. આજના સ્પર્ધાત્મક યુગમાં જે 'સ્કિલ્ડ મેન પાવર' (કુશળ માનવબળ), એમ્પ્લોયેબિલિટી (રોજગારીતા)ના અભિગમ હેઠળ જ પ્રોફેશનલ કોર્સિસનો જુવાળ ફાટી નીકળ્યો છે ત્યારે ગાંધીજીએ આજથી ૧૦૦ વર્ષ પહેલા આવા કોઈ ભારેખમ શબ્દો વગર ભારતીયતાની આર્થિક અને સામાજિક પ્રવૃત્તિની તાસીર સમજીને જીવન ઘડતર સાથે વ્યક્તિ પગભર થાય એવી કેળવણીનો વિચાર આપ્યો હતો. ગાંધીજીના શબ્દોમાં કેળવણીની પાયાની બાબત યથાતથ જોઈ લેવા જેવો છે. કેળવણી સંદર્ભે ગાંધીએ લખ્યું છે કે મુદ્દાસર જોઈએ.

તમારા ઉત્તમ અંશો બહાર કાઢે તે કેળવણી જ ખરી કેળવણી કહેવાય. માનવજાત કરતાં બીજું વધારે સારું પુસ્તક કયું હોઈ શકે?

બુદ્ધિનો ખરો વિકાસ હાથ, પગ, કાન, ઈત્યાદિ અવયવોના સદુપયોગથી જ થઈ શકે, એટલે કે શરીરનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરતાં બુદ્ધિનો વિકાસ સારામાં સારી રીતે ને વહેલામાં વહેલો થાય. આમાંયે પારમાર્થિક વૃત્તિ ન ભળે તોયે શરીરને બુદ્ધિનો વિકાસ એકતરફી થાય છે. પારમાર્થિક વૃત્તિ એ હૃદયનું એટલે આત્માનું ક્ષેત્ર છે. તેથી એમ કહી શકાય કે બુદ્ધિના શુદ્ધ વિકાસને સારું આત્માનો અને શરીરનો વિકાસ સાથે સાથે ને એકસરખી ગતિએ ચાલવો જોઈએ, એટલે કોઈ કહે કે આ વિકાસો એક પછી એક થઈ શકે, તો તે ઉપરની વિચારશ્રેણી પ્રેમાણે બરોબર ન હોવું જોઈએ.'

> **'ગાંધીજી ખુદ કહે છે પરીક્ષામાં પાસ થાઉં એટલાથી રાજી થતો'**

કેળવણી એટલે બાળક કે મનુષ્યનાં શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા. અક્ષરજ્ઞાન એ કેવળણીનું અંતિમ ધ્યેય નથી તેમ તેનો આરંભ પણ નથી. એ તો સ્ત્રી અને પુરુષને કેળવણી આપવામાં અનેકમાંનુ એક સાધન માત્ર છે. અક્ષરજ્ઞાન એ સ્વતંત્રપણે કંઈ કેળવણી નથી. એટલે હું તો બાળકની કેળવણીનો આરંભ તેને કંઈક ઉપયોગી હાથઉદ્યોગ શીખવીને અને તેની કેળવણીનો આરંભ થાય તે ક્ષણથી એને કંઈક નવું સર્જન કરવાનું શીખવીને કરું. આ રીતે દરેક નિશાળ સ્વાવલંબી થઈ શકે. માત્ર શરત એ છે કે એ નિશાળોએ તૈયાર કરેલી ચીજો રાજયે ખરીદી લેવી જોઈએ.

હું માનું છું કે આ પદ્ધતિસરમાં મન અને આત્માનો ઊંચામાં ઊંચો વિકાસ સાધવો શક્ય છે. માત્ર દરેક હાથઉદ્યોગ આજે શીખવાય છે તેમ જડ યંતવત્ નહીં પણ શાસ્ત્રીય રીતે શીખવાવો જોઈએ, એટલે કે બાળકને દરેક ક્રિયા શા માટે કરવામાં આવે છે તે સમજાવવું જોઈએ. આ હું કંઈક આત્મવિશ્વાસપૂર્વક લખું છું કેમ કે એની પાછળ અનુભવ પડેલો છે. જયાં જયાં મજૂરોને રેંટિયા પર કાંતતા શીખવવામાં આવે ત્યાં બધે આ પદ્ધતિ ઓછીવત્તી દાખલ કરવામાં આવી છે. હું જાતે એ પદ્ધતિએ ચંપલ સીવતાં ને કાંતતાં પણ શીખ્યો છું, ને મેં તેના સારાં પરિણામ મેળવ્યા છે. આ પદ્ધતિમાં ઈતિહાસ ભૂગોલના જ્ઞાનનો બહિષ્કાર નથી. પણ હું જોઉ છું કે એ વિષયો મોઢેમોઢ સામાન્ય માહિતી આપવાથી જ સારામાં સારી રીતે શીખવી શકાય છે. વાચનલેખનના કરતાં આ શ્રૌત પદ્ધતિથી દસ ગણું જ્ઞાન આપી શકાય છે. બાળક કે બાળા જયારે સારાસારનો ભેદ કરતાં શીખે ને તેની અભિરૂચિનો કંઈક વિકાસ થાય પછી તેનો કક્કો શીખવવો જોઈએ. આ સૂચના આજની શિક્ષણપદ્ધતિમાં ક્રાંતિ કરવાનું સૂચવનારી છે, પણ એથી પાર વિનના મહેનત બચી જાય છે, અને વિદ્યાર્થીને જે વસ્તુ શીખતાં ઘણો વધત લાગે તે આ રીતે એક વરસમાં શીખી શખે છે. આને પરિણામે બધી રીતની બચન થાય છે. બેશક, વિદ્યાર્થી હાથઉદ્યોગ શીખતો જાય તેની સાથે સાથે ગણિતનું જ્ઞાન તો મેળવે જ.

મારી ત્રુટિઓ હું કબૂલ કરું છું. મને કૉલેજની કેળવણી નહીં જેવી મળી છે. મારી હાઈસ્કૂલની કારકિર્દી સરેરાશ કરતાં ઊંચી કદી નહોતી. હું પરીક્ષામાં પાસ થાઉં તો એટલાથી રાજી થઈ જતો. ભણતરમાં નામના મેળવવાની ઝંખના રાખવી મારા ગજા બહારની વાત હતી. છતાં સામાન્ય કેળવણી વિષે - તેમ જ કૉલેજની કેળવણી વિષે પણ - હું બહુ મક્કમ વિચારો જરૂર ધરાવું છું. એટલે દેશ પ્રત્યે મારું એ કર્તવ્ય છે કે મારા વિચારો દેશ સ્પષ્ટપણે જાણે. તેમાંથી તેને જ ઠીક લાગે તે ગ્રહણ કરે. જે ભીરુતાને લીધે મેં મારા વિચારો પરાણે દબાવી રાખ્યા છે તે ભીરુતા મારે તજી દેવી જોઈએ. મારી હાંસી થાય, અને મારી લોકપ્રિયતા કે પ્રતિષ્ઠા હું ખોઈ બેસુ તેનો ડર મારે ન રાખવો જોઈએ. હું મારી માન્યતાઓ છુપાવી રાખું તો વિચારદોષો કદી સુધારી નહીં શકું. મારા વિચારમાં રહેલો દોષો શોધી કાઢવા હું હંમેશા ઉત્સુક રહું છું. અને તે સુધારવાને તો એથી પણ વધુ ઉત્સુક રહું છું એમ મહાત્મા ગાંધી કહે છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# બા. જ. પટેલ : ગાંધીજી તથા મહારાજના ખરા વારસદાર




ગાંધી તો કદી સત્તાના સ્થાન નજીક ફરક્યા પણ નહિ. રાજ વિનાના મહારાજ એવા રવિશંકરદાદા પણ આજીવન સત્તા તેમજ પ્રસિધ્ધિથી સભાનતાપૂર્વક વેગળા રહ્યા. પરંતુ બાપુ અને મહારાજ બન્નેના અનેક સદગુણોનું સંમિશ્રણ લોકોએ બાબુભાઈ જશભાઈ પટેલમાં જોયું. જીવનના ત્રીસ વર્ષ પણ પૂરા થાય તે પહેલા બાબુભાઈએ જાહેર જીવનમાં પદાપર્ણ કર્યું. કુદરતને જ બાબુભાઈના જીવનનો આવો વળાંક કદાચ મંજૂર હશે. નહિતર યુવાન બા.જ. સામે જીવનની કારકીર્દિ માટેના એકથી વધારે વિકલ્પ હતા. બાબુભાઈએ આ બાબતમાં નવલભાઈ શાહને એક મુલાકાતમાં જણાવ્યું હતું. નવલભાઈએ પૂછ્યું હતું :



" બાબુભાઈ, તમે રાજકારણ કેમ પસંદ કર્યું! બાબુભાઈ ઉત્તર વાળે છે : મારી સામે ચાર વિકલ્પ હતા – એકટર થવું, અરવિંદ આશ્રમમાં જોડાવું, બેરિસ્ટર બનવું કે ધારાસભામાં જઈ પ્રજાનું કામ કરવું. "

આખરે સમય સંજોગો તથા વિચારોના વલણના કારણે બાબુભાઈ પ્રજાકારણમાં પડ્યા. તેઓ જે જીવન જીવ્યા તેમાં રાજકારણ ઓછું તથા પ્રજાકારણ વધારે હતું તે વાત આજે પણ અનેક લોકો આદરપૂર્વક યાદ કરે છે. બા.જ.નો જાહેર જીવનમાં પ્રવેશ એ સરદાર સાહેબનો નિર્ણય હતો. મણિબહેન કહેતા તેમ સરદાર પટેલમાં માણસને પારખી લેવાની કુદરતી શક્તિ હતી. આ બાબતનું એક વિશેષ પ્રમાણ એ બા.જ.પટેલની જાહેર જીવનના ક્ષેત્ર માટે સરદાર સાહેબની પસંદગીનું છે.

ફેબ્રુઆરી માસની નવમી તારીખે (૧૯૧૧) બાબુભાઈની જન્મજયંતિ આવે છે. આથી તેમનું વિશેષ સ્મરણ આ માસમાં અનેક લોકો કરશે તે સ્વાભાવિક છે. બા.જ. જેવા વ્યક્તિત્વ લોકોની સ્મૃતિમાં સદાકાળ જીવંત રહેવા સર્જાયા છે. આથી શ્રી ચુનીભાઈ વૈદ્યની એ વાત યથાર્થ છે કે બાબુભાઈ જેવા પુરુષોનું મરણ ન હોય, તેમનું તો સદા સ્મરણજ હોય. ગુજરાતનું એ સદભાગ્ય છે કે મુંબઈથી અલગ રાજયની રચના પછી તેને અનેક વીરલાઓ જાહેર જીવનમાં કામ કરતા જોવા મળ્યા છે. બા.જ.પટેલ એ નમ્રતા – મક્કમતા તેમજ સાદગી – સંસ્કારીતાના જીવંત પ્રતિક સમાન હતા. બાબુભાઈના સ્નેહી તેમજ કચ્છના સદાકાળ આદરણીય આગેવાન અને ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર શ્રી કુન્દનલાલ ધોળકીયા બા.જ.ના મિત્ર સમાન હતા. ધોળકીયા સાહેબ બાબુભાઈને યાદ કરીને બાબુભાઈની સ્મૃતિમાં બહાર પાડવામાં આવેલા ગ્રંથમાં એક પ્રસંગ ટાંકે છે. સાંપ્રત સમયમાં આ પ્રસંગનો મર્મ સમજવા જેવો છે. કુન્દનભાઈ લખે છે કે માર્ચ-૧૯૭૬ માં બાબુભાઈની આગેવાની હેઠળની સરકારનું પતન થયું. સરકાર જતાંજ તેઓ મુખ્યમંત્રી મટી ગયા. આવી સ્થિતિમાં મુખ્યમંત્રીને મળતી સવલતો વધારે સમય ભોગવવાનો વિચાર કરે એ બાબુભાઈના સ્વભાવમાં સહેજ પણ જોવા ન મળે. આથી બાબુભાઈ પોતાની પુત્રવધુ ગિરાબહેનને કહે છે કે મુખ્યમંત્રીને મળતો બંગલો તેઓ તત્કાળ ખાલી કરવા માંગે છે. એક ગ્રહિણી સ્વાભાવિક રીતે કહે તેમ ગિરાબહેને ઘરના કોઈ નાના-મોટા કામકાજ માટે એક કે બે દિવસની મુદત બંગલો ખાલી કરવા માટે માંગી. બાબુભાઈએ આ વાતનો સ્વીકાર ન કર્યો અને સરકારે ફાળવેલું રહેણાંક સહેજ પણ વિલંબ સિવાય ખાલી કર્યું. મહારાજા જનકની અનાસક્તિની વાત તો રામચરિત માનસમાં વાંચી છે. પરંતુ આવી જનક વિદેહી વૃત્તિનું સાંગોપાંગ દર્શન બા.જ.પટેલના સાધુચરીત જીવનમાં થોડા દાયકા પહેલાજ થયું છે તે નાનીસુની ઘટના નથી.

બાબુભાઈના જીવનમાં નિર્ણયો કે વિચાર પધ્ધતિમાં એક મૂલ્યનિષ્ઠ સાતત્યનું દર્શન થાય છે. એમ લાગે છે કે ગાંધીની નિશ્રામાં ઉછરેલી અને ઘડાયેલી પેઢી પર ગાંધી વિચારની ઊંડી અસર હતી. ઉપરના ફકરામાં જણાવ્યું છે તેમ હોદ્દાની અવધિ પછી સરકારી રહેણાંક થોડા સમય માટે પણ ન રાખીને તેમણે એક સંદેશ આપ્યો છે. આ સંદેશ દરેક પદાધિકારી કે અધિકારીને લાગુ પડે તેવો છે. પોતાના વર્તન દ્વારાજ જીવનના ઉચ્ચ વિચારનું નિદર્શન એ ગાંધીની શીખ હતી. દેશના પાટનગરમાં તેમજ કેટલાક રાજ્યોના પાટનગરમાં પણ હોદ્દા પરથી દૂર થયેલા મહાનુભાવો મકાનનો કબજો અનધિકૃત રીતે ધરાવતા હોવાના સમાચારો પ્રગટ થતા રહે છે. કેટલાક કિસ્સાઓમાં તો દાવાદૂવીના અંતે કોર્ટના નિર્ણય પછી આવા બંગલાઓ ખાલી થાય છે. અનેક બંગલાઓમાં મહાનુભાવની ચિર વિદાય પછી તેમના સંસ્મરણ માટે સ્મારક પણ તેજ બંગલામાં ઊભું કરવા માટે મહાનુભાવના વારસદારો તરફથી માગણીઓ થતી રહે છે. એમ જરૂર કહી શકાય કે પંડિત નહેરુ તથા તેમના જેવા કેટલાક મહત્વના રાષ્ટ્રિય નેતાઓના સંદર્ભમાં આવો નિર્ણય ઉચિત ગણાય. પરંતુ દરેક મહાનુભાવ પોતાના હોદ્દાની મુદત પૂરી થયા પછી પોતાને મળતી અને પદ સાથે જોડાયેલી સુવિધાઓનો સ્વેચ્છાએ તથા ત્વરીત ત્યાગ કરે તે બાબતજ બા.જ.પટેલના ત્વરીત બંગલો ખાલી કરવાના નિર્ણયમાંથી ફલિત થાય છે. આ પ્રકારની વિચારધારા ધરાવનારા તેમજ તેનો અમલ અંગત અગવડો ભોગવીને પણ કરનારા બાબુભાઈ જેવા અગ્રજો એ ખરા અર્થમાં આપણું ગૌરવ છે. લાભ લેવામાં સમાજના અગ્રણીઓ છેલ્લા હોય તેવી મહેચ્છા – પ્રાર્થના કવિ ઉમાશંકર જોશીએ કરી છે તે બાબુભાઈના સંદર્ભમાં ફરી સ્મૃતિમાં આવે છે.

ને ધૂરા વહે જનતાની જે અગ્રીણો
તે પંગતે હો સહુથીએ છેલ્લા.

શાસક સંવેદનશીલ હોય તે બાબત લોક સમૂહને ખૂબ ફાયદાકારક થાય છે. મોરબી જળ હોનારત તેમજ જનવેદનાની અન્ય કોઈ બાબત જોતાંજ બા.જ.નું હૈયું ભરાઈ જતું હતું. મોતી સરખા તેમની કરુણા સભર આંખમાંથી ખરેલા અશ્રુબીંદુઓ તપ્ત થયેલા લોકોને રાહત તથા મૂંગી હૈયાધારણ આપી જતા હતા. બા.જ.પટેલના ભાતીગળ જીવનની અનેક વાતો યુવાનોને આજે પણ પ્રેરણા પૂરી પાડી શકે તેવી છે. તેમની જન્મજયંતિના માસમાં તેમનું પાવક સ્મરણ એક અનોખી સૌરભ પ્રસરાવી જાય છે.